**પોરબંદરના એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રીની કોર્ટમાં, મુ. પોરબંદર.**

**<u>ક્રિ.પ.અ.નં.૩૬૬/૨૦૨૬.</u>**
**આંક–**

**અરજદાર:** **કિરીટ પ્રવીણભાઈ કોરિયા,**
ઉ.વ.આ.૨૯,ધંધો: મિસ્ત્રીકામ,
રહે. પ્રાથમીક શાળા પાસે મુ. વાડોત્રા,
તા. રાણાવાવ, જી. પોરબંદર.
હાલ : જ્યુડી. કસ્ટડી ખાસ જેલ પોરબંદર.

વિરૂધ્ધ

સામાવાળા : ૧. ધ સ્ટેટ ઓફ ગુજરાત
નોટીસ થ્રૃ ડી.જી.પી. પોરબંદર.
૨. સંગીતાબેન વા/ઓ. અજયભાઈ
સરજુદાસ નિમાવત
રહે. પ્રાથમીક શાળા પાસે મુ.
વાડોત્રા, તા. રાણાવાવ,

**<u>બાબત</u> : <u>ભા.ના.સુ.સં. ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મુકત થવાની અરજી .</u>**

-----------------------------------

અરજદાર તરફે વિ. વકીલશ્રી જે. એમ. મહેતા.
સામાવાળા સરકાર તરફે વિ.પી. પી. શ્રી એસ. બી. જેઠવા.

-----------------------------------

**<u>હુ ક મ</u>**

૧. અરજદાર/આરોપી ધ્વારા હાલની આ જામીન અરજી બી.એન.એસ.એસ. ક. ૪૮૩ હેઠળ તેઓને રાણાવાવ પોલીસ સ્ટેશન

ગુના રજી. નં.૧૧૨૧૮૦૧૫૨૬૦૪૫૭/૨૦૨૬, બી. એન.એસ.ની કલમ-૭૫(૨), ૭૮ તથા પોકસો એકટની કલમ-૧૨ મુજબ ગુન્હાના કામે અટક કરવામાં આવેલા છે, તે ગુન્હાના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની આ અરજી દાખલ કરેલ છે.

૨. અરજદારની અરજી અન્વયે નોટીસ સામાવાળા શ્રી સરકારને બજી જતાં સામાવાળા શ્રી સરકાર તરફે વિ. સરકારી વકીલશ્રી એસ. બી. જેઠવા ઉપસ્થિત રહેલા છે અને તેઓએ અરજદારની અરજીનો વિરોધ કરતું પોલીસ અધિકારીશ્રીનું સોગંદનામુ રજૂ રાખેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે. મુળ ફરીયાદી તરફે અરજદારની જામીન અરજી સામે આંક-૭ થી વાંધા જવાબ રજુ કરવામાં આવેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે.

૩. અરજદાર/આરોપી તરફે તેઓના વિ.વ.શ્રી ની મુખ્યત્વે દલીલ એવી છે કે, આ કામે અરજદાર સામે કોઈ માનવા લાયક કેસ કે પ્રથમ દર્શનીય પુરાવો નથી. બનાવ તા. ૧૪-૬-૨૬ ના રોજ બનેલ જેની ફરીયાદ તા. ૨૭-૬-૨૬ ના રોજ એટલે ૧૩ દિવસ મોડી કરેલી છે. પીછો કરી હેરાન પરેશાન કરવાનો આક્ષેપ છે. આરોપીએ તા. ૧૮-૬-૨૬ ના રોજ ફરીયાદીના પતિ, જેઠ, દીયર સામે ફરીયાદ કરી હતી જે બનાવ આ ફરીયાદમાં છુપાવવામાં આવેલ છે. અમારુ અપહરણ કરી ઢોરમાર માર્યો તેની ફરીયાદ કરી તેનાથી બચવા કહેવાતો કોઈ બનાવ બનેલ જ ન હોય આ બધાએ ભેગા થઈ અમને માર્યાના બીજા દિવસે અમારી બહેનને આ લોકોએ માર મારેલ છે તેની પણ ફરીયાદ કરેલ છે. અરજદાર સામેના ગુન્હામાં મહત્તમ સજાની જોગવાઈ ત્રણ

વર્ષની છે. ભોગ બનનાર સાથે કહેવાતુ કોઈ કૃત્ય કરેલ નથી. અમે યુવાન છીએ પરીવાર ની જવાબદારી છે અને અમે કયાંય નાશીભાગી જાય તેમ નથી કોઈ ગુનાહીત પુર્વ ઈતિહાસ નથી તેથી આ કોર્ટ ફરમાવશે તેવી શરતોનુ પાલન કરવાની ખાત્રી આપી આરોપીને જામીન મુકત કરવા અરજ કરેલ છે.

૪. સરકાર પક્ષે, પી.પી. શ્રીની રજુઆત છે કે, આ કામે આરોપી સામે પોકસો અને જાતીય સતામણી જેવા ગંભીર ગુન્હાનો પ્રથમ દર્શનીય કેસ રહેલ છે. તેવા સંજોગોમાં સગીરની છેડતી અને જાતીય સતાસણીના ગુનાની ગંભીરતા ધ્યાને લઈ તપાસ કરનાર અધીકારીના સોગંદનામાની હકીકતો ધ્યાને લઈ જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

૫. બંને પક્ષોના વિ.વ.શ્રીઓને સાંભળ્યા. અરજદારની જામીન અરજી વંચાણે લીધી. ફરીયાદ કેસની ટુંક વિગત વંચાણે લઈએ તો આરોપીએ ફરીયાદીની સગીર વયની દિકરી ભોગ બનનાર સાથે અવાર નવાર પીછો કરી હેરા ન પરેશાન કરી, જબરજસ્તીથી લગ્ન કરવાનું કહી લગ્ન નહી કરે તો ઝેરી દવા પી જવાની ધમકી આપી જાતીય સતામણી કરેલ. તેવી આ કેસ ની ટુંક હકીકત છે. આ કામે પક્ષકારોની રજુઆતો તથા રેકર્ડ ધ્યાને લેતા અરજદાર સામે ભોગ બનનારનો પીછો કરી હેરાન પરેશાન કરવાનો એટલે કે જાતીય સતામણીનો આક્ષેપ રહેલ છે. સદર આક્ષેપીત ગુન્હામાં સજાની જોગવાઈ ધ્યાને લેતા ત્રણ થી પાંચ વર્ષ સુધીની સજાની જોગવાઈ રહેલ છે. અરજદાર સામેના આક્ષેપો જેમ કે

ભોગ બનનારનો પીછો કરી જાતીય સતામણી કરેલ તે હકીકત પુરાવો લીધા બાદ નકકી થઈ શકે તેમ છે. આ કામે તપાસ પુર્ણ થઈ ચાર્જશીટ બાદ ઈન્સાફી કાર્યવાહી ચાલતા ઘણો લાંબા સમય જાય તેમ હોય જે હકીકત ધ્યાને લઈ અરજદાર આરોપીને ફરીયાદપક્ષના સાહેદોને નુકશાન ન કરે તેવી કડક શરતોને આધીન બી. એન.એસ.એસ. કલમ ૪૮૩ હેઠળની વિવેકબુધ્ધિની સતા વાપરી જામીન મુકત કરવા યોગ્ય કેસ જણાય આવતો હોય સદર અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે.

**-: હુ ક મ :-**

(૧) અરજદાર/આરોપીની હાલની જામીન અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીને રાણાવાવ પોલીસ સ્ટેશન ગુના રજી. નં .૧૧૨૧૮૦૧૫૨૬૦૪૫૭/૨૦૨૬, બી. એન.એસ.ની કલમ-૭૫(૨), ૭૮ તથા પોકસો એકટની કલમ-૧૨ ના ગુન્હાના કામે અરજદારે રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાતમુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:શરતો :-</u>**

(૧) અરજદાર/આરોપીએ કોર્ટ સમક્ષ પોતાનું કાયમી રહેણાં કનું પુરેપુરું સરનામું અને મોબાઈલ/કોન્ટેકટ નંબર રજુ કરવા અને તેમાં કોઈ ફેરફાર થયે તપાસ કરનાર અધિકારીને જાણ કરવી.

(૨) અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના કોઈ સાહેદોનો કે ફરીયાદીનો કોઈપણ રીતે સીધી કે આડકતરી રીતે સંપર્ક કરવાનો, અથવા તો સાહેદોને ધાક-ધમકી કે દબાણ લાવવાનો કોઈ પ્રયાસ કરવો નહી અથવા તો ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડાં કરવાનો કોઈ પ્રયત્ન કરવો નહી.

(૩) અરજદાર જો પાસપોર્ટ ધરાવતા હોય તો તે કોર્ટમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ન ધરાવતા હોય તો તે અંગેનું સોગં દનામુ રજુ કરવું.

(૪) આ કામના અરજદાર/આરોપીએ અદાલત સમક્ષ ટ્રાયલ ચાલતા દરમ્યાન દર મુદૃતે નિયમિત હાજર રહેવું.

- ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી અરજદાર/આરોપીના જામીન રદૃ થવાપાત્ર ઠરશે.

- આ હુકમની યાદી સંબંધિત પો. સ્ટે.માં મોકલી આપવી તથા સં બંધિત કેસમાં રાખવી.

હુકમ આજરોજ તા.૨૩ મી માહે જુલાઈ સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

પોરબંદર.
તા.૨૩/૦૭/૨૦૨૬

**(દીપેન દિલીપકુમાર બુધ્ધદેવ)**
એડીશ્નલ સેશન્સ જજ,
પોરબંદર.
Code No. GJ-00612